# દરેક સફળ સાસુની પાછળ એક કામગરી વહુ હોય છે !

## –કલ્પના દેસાઈ

આજથી ૧૦–૨૦ વર્ષો પહેલાંની 'એ–વન' સાસુઓની એક ખાસ ઓળખ રહેતી. બેઠી કે ઉભી દડીનું શરીર, શોભે કે ન શોભે, તોય કરાતો લાલચટ્ટક, ગોળ, મોટ્ટો ચાંદલો, ખોટા વાળ નાખેલો મોટો ગોળ અંબોડો, ઠસ્સાદાર વ્યક્તીત્વ લાગે એટલે બધે નજર રહે એવી કરડી આંખો અને સદાયે ખુલ્લા, ટાંકણી પડે તોયે સાંભળી શકે એવા તેજ કાન ! ચીવટથી પહેરેલી ગુજરાતી ઢબની જરા ઉંચી સાડી ને હાથમાં શૉ–પીસ જેવી માળા અથવા ભજનની ચોપડી. દીવાનખંડમાંથી રસોડા તરફ નજર રહે અને ફોન પણ નજીક રહે એવી બેઠક, તેમ જ જેના વગર ચાલે નહીં એવું વાતે વાતે વાંકુંચુંકું થઈ શકે તેવું મોં !

મારે પણ એક સાસુ હોય એવું મેં કહ્યું નો'તું છતાં; અસ્સલનાં ઘી–દુધ ખાધેલાં એવાં એક તન્દુરસ્ત સાસુનો મારી કુંડળીમાં યોગ હતો. મારાં લગ્ન થયાં ત્યાં સુધી રસોડાનો કારભાર એમના હાથમાં હતો જ એમાં શી નવાઈ ! પણ મારા આગમન પછી એમને પગે વા થઈ ગયો ને કમ્મરનો મણકો છટકી ગયો. એટલે ફક્ત ઘરનો કારભાર એમની પાસે રહ્યો ને રસોડાની રાણી હું બની ગઈ ! હું તો ખુશખુશાલ ! ચાલો, આજે રસોડાની રાણી છું, કાલે ઉઠીને ઘરની રાણી પણ બની જઈશ ! પણ થોડા દીવસો પછી મને ખબર પડતી ગઈ કે, મારે સવારથી સાસુજીના ઉઠ્યા પહેલાં નહાઈ–ધોઈને તૈયાર થઈ જવું પડતું અને એમની સામે બે હાથ જોડી, મસ્તક નમાવી સવાલો શરૂ કરવા પડતા : 'બા તમારી ચા મુકું ? નાસ્તો હમણાં આપું કે પછી ?' નહાઈને આવે એટલે પુછું, 'બા, ચા પીવી છે કે બોર્નવીટા ? આજે શાક શેનું બનાવીએ ? દાળ બનાવું કે કઢી ? રોટલી કે ભાખરી ? ભાત કે ખીચડી ?...' એમનું સવાર–સાંજનું મેનુ બહાર પડે પછી જ મારે રાંધવાનું... ત્યાં સુધી ભજન કરવાનાં !

મને તો રાંધતાં આવડતું હતું; છતાંય ભેટમાં કેટલાંક વાનગીનાં પુસ્તકો મળેલાં ! વળી, મને તો એમ જ ને કે, મારે રોજેરોજ સ્વાદીષ્ટ પક્વાન્નો બનાવીને પતીને ખુશ રાખવાના છે. પણ પુસ્તકો તો બધાં અભરાઈએ ચડી ગયાં અને એકનું એક મેનુ મહીનામાં કેટલીયેવાર રીપીટ થતું જોઈને હું ભાંગી પડેલી. એવા સહેલા મેનુને પણ પાછું ખુબ વીચારીને, ચીન્તા દર્શાવીને, પ્રતીપ્રશ્નો કરીને રજુ કરાતું; ત્યારે મને તો કંટાળો આવી જતો. રોજ સાંજે હું એમને(એટલે કે, સાસુને) પુછવા જાઉં, 'બા, આજે શું બનાવીશું ?' તો એ મને પુછતાં, 'શું બનાવીએ ?' 'એ જ તો પંચાત છે !' હું કહેતી. 'રોજ સાંજની આ...જ માથાકુટ ! હવે રોજ રોજ શું બનાવે ? એક કામ કર. ગુવારનું શાક બનાવી દે.' 'પણ ગુવાર તો સવારે જ બનાવી.' 'તો દુધી–ચણા બનાવી દે.' 'એ તો કાલે જ બનાવ્યુ.'(શાકની પસંદગી ? કહેવું પડે !) 'તો પછી દાળઢોકળી બનાવી મુક.' (ચીડ, કંટાળો ચાલુ થવા માંડે.) મેનુ તો ખુટે નહીં એવું બની શકે પણ ગણેલાં શાક અને

વાનગીઓની ફરતે અમે ગોળ–ગોળ ફરીએ ને છેલ્લે મગ, મગની દાળ કે પછી બટાકાનું રસાવાળું શાક બની જતું. મને હાશ થતી, કંઈક તો નક્કી થતું.

શાકની તૈયારી કરવા જાઉં કે ધીમે ધીમે ડગ માંડતાં તેઓ રસોડામાં આવે. 'એક કામ કર. આ શાક તો પાછું વાયડું પડશે; એટલે થોડું 'આ' પણ બનાવી મુક. 'આ ' એટલે ? ફરતું ફરતું હાથમાં આવેલું એ જ જુનું–પુરાણું શાક ! એમ રોજ–રોજ બે શાક બને. મને પુછે તો, જાતજાતની વાનગીઓ અને શાક બનાવું; પણ સાસુના રાજમાં ? રસોઈની તૈયારી કરવા માંડું કે વળી આંટો મારી જાય ! 'થોડી રોટલી કરજે ને થોડી ભાખરી કરજે.' વળી, ડગમગ–ડગમગ માળા ફેરવવા જતાં રહે. કુકરની સીટી વાગે ને વઘારની તૈયારી કરું એટલે ફરી આવે, 'આમાં રાઈનો વઘાર કરજે ને હળદર થોડી નાખજે. મરચું સાચવીને નાખજે – પાછું તીખું થઈ જશે તો કોઈ ખાશે નહીં. બહુ પાણી નહીં નાખતી ને બહુ સુકું પણ ન બને તે જોજે.' શરુશરુમાં તો હું હોંશેહોંશે 'હા–બા, હા–બા' કર્યા કરતી; પણ પછી 'હમ્મ...હમ્મ...' કરવા માંડ્યું ને પછી તેયે બન્ધ કર્યું. કોઈ વાર કંટાળી જતી તો વાસણ પછાડતાં રાંધતી અથવા ધમ્મ–ધમ્મ ચાલતી ! જો કે કોઈ વાર બબડી પણ લેતી (કોઈ ન સાંભળે તેમ) ને કોઈ વાર(જ), ડોક વાંકી કરી, ડોળા કાઢી, ભ્રમર તંગ કરી લેતી.

પણ અમે બન્ને એકબીજાથી ટેવાઈ ગયેલાં એટલે અમારો સંસાર ચાલ્યા કરતો, ગાડું એમ જ ગબડ્યા કરતું. પતીને અને સસરાને આવી બધી વાતોમાં ખાસ રસ નહોતો. (રોજ એકની એક વાતમાં કોને રસ પડે ? ખોટું ટેન્શન વધારવાનું !) એ લોકો તો બીચારા જે આપે તે ખાઈ લેતા !(પણ એમની પાસે બહાર હૉટલમાં ખાઈ લેવાનો વીકલ્પ ખુલ્લો હતો એટલે શું ખાઈને બોલે ?)

અચાનક જો કોઈ મહેમાન આવી ચડતા તો સાસુજી પોતે તો બાવરાં બની જતાં ને મનેયે જ્યાં ને ત્યાં ઠેબે ચડાવતાં. 'પહેલાં પાણી આપી જા, પછી ચા મુકી દે ને નાસ્તાની તૈયારી કરતી થા.' પાણી આપવા જાઉં કે, 'આ લોકોની ચા મૂકજે ને એમ કર – બટાકાપૌંઆ બનાવી કાઢ.' પેલા જેમ જેમ ના કહેતાં જાય તેમ તેમ તેમને આગ્રહ કરીને, નાસ્તો બનાવડાવીને, ખવડાવીને જ મોકલે ! વર્ષોથી બધાને બટાકાપૌંઆ ખવડાવી ખવડાવીને હું તો કંટાળેલી એટલે એકાદ વાર જરા ફેરફાર કર્યો તે એમણે વાંકું મોં કરી રીજેક્ટ કર્યો ! (આનો અર્થ મારે એવો કરવાનો કે તેઓ જે કહે તે જ બનાવવું.) ખેર, મને બટાકાપૌંઆ સીવાય બીજું કંઈ જ આવડતું નથી એવી છાપ લોકોમાં પડતી તો ભલે પડતી. એમને ત્યાં પણ તેઓ એ જ ખવડાવે છે ને ! ( બીચારી, બધાને ત્યાંની વહુઓ !)

મહેમાન રહેવાના હોય તો, સાસુજીનો અડ્ડો રસોડામાં આવી જતો. રોજનાં કામોની સાથે મહેમાનોનાં કામ ભેગાં કરીને એટલી બધી ગુંચવણ ઉભી કરતાં કે મહેમાન એમનાં સગાં હોય તો મને જબરી સમજે ને મારાં સગાં હોય તો સાસુજી જબરાં ગણાય ! એ દીવસોમાં એમનાં વા

અને કમરનાં દર્દ છુ થઈ જતાં. ગૅસ નીચે ઉતારાવે, મસાલાના ડબ્બા, રાંધવાનાં વાસણો નીચે ગોઠવાવી, મીની રસોડું બનાવી કાઢે. પછી ઓર્ડરની મશીનગનમાંથી એક એક ગોળી છુટતી જાય. 'ગૅસ ચાલુ કર.. આ જાડી તપેલી ઉપર મુક. બીજી તપેલીમાં થોડું પાણી ગરમ કરવા મુક. જાડી તપેલીમાં થોડું ઘી નાખ. અંદર તજ, લવીંગ, એલચી નાખી હવે અંદર એક વાટકી લાપસી નાંખ. લાવ હું શેકું !' ચાર–પાંચ વાર તવેથાથી હલાવીને 'લે, હવે થોડી વાર તું લાપસી શેક, એમ જ આવડે ને !' (એમ ? મેં તો આજે જ લાપસી જોઈ !) મહેમાન આવતાં દેખાયા તો ફરી તવેથો એમના હાથમાં પહોંચી જાય, 'ચાલ, હવે એક વાટકી ખાંડ કાઢ, જો, હવે લાપસી શેકાઈ ગઈ. હવે આટલું પાણી અંદર નાખી દે.'

લાપસી ગૅસ પરથી (કંટાળીને) નીચે ઉતરે ત્યાં સુધીમાં તો મેં મુક બનીને કેટલીયે વાર લે–મુક, લે–મુક કર્યું હશે ! 'લાવ, હવે ભજીયાંનું ખીરું તૈયાર કરી આપું.' બધ્ધો સામાન આપું ત્યારે ખીરું તૈયાર થાય, ને પછી રસોડામાંથી પ્રસ્થાન કરતાં કરતાં પણ સુચનાઓ તો ખરી જ ! 'જો, મેં આ દાળ તૈયાર કરી છે તેને ઉકળવા મુકી દે ને પુરી બનાવી નાખ.' પછી ડ્રૉઈંગ રુમમાં જઈને, 'હા... શ !' બીચારી વહુ એકલી કેટલુંક કરવાની ? મારે સાથે રાખીને એને કેળવવી તો પડે જ ને ?' મહેમાનો અહોભાવથી એમને જોઈ રહે અને હું ?

મહેમાનોની નજર ચુકવીને અને મારી નજર સામે જ સાસુજી ટેસથી બધું પેટમાં ઓરીને બેઠાં હોય. પછી જમતી વખતે દયા ઉઘરાવે. 'મને તો પ્રેશર, હાર્ટવાળું અને પાછો ડાયાબીટીસ ! એટલે આ જરાતરા ખાઈ લઉં. હવે આ ઉમ્મરે ખાવામાં શો જીવ વળગાડવો ? તબીયત પહેલી.' (મને તો આ એમની તબીયત પણ હવે તો કોઠે પડી ગયેલી.)

અને છેલ્લે, જ્યારે બધા જમવા બેઠા હોય અને મારા સસરાજી રસોઈના વખાણ કરી કરીને, ખાતાં ખાતાં, ભાર દઈ દઈને બોલતા હોય કે, 'દાળ તો તારી બાની !' કે પછી 'લાપસી તો તારી બા જેવી કોઈ નહીં બનાવી શકે !' કે 'ભજીયાં તો તારી બાનાં જ.' ત્યારે મને આખા દીવસની મહેનત પર સાસુજીના નામનું રોલર ફરી ગયેલું લાગે. આખો દીવસ રસોડામાં રહેવા છતાંય લાગે કે રસોડાની અસલી રાણી તો મારાં સાસુજી જ છે.

મને થતું, છો બીચારાં ક્રેડીટ લઈ જતાં, દુનીયા પણ જાણે છે કે, **એક સફળ સાસુની પાછળ એક કામગરી વહુ જ હોય છે !** ( જો કે, મારા સસરાજીની એક કુટેવ – સૌના દેખતા બાનાં વખાણ કરવાની – મારાં સાસુ છોડાવી નહોતાં શક્યાં ! મને નવાઈ એ લાગે છે કે એ કુટેવ એમના દીકરાને કેમ ન પડી ?)

## –કલ્પના દેસાઈ

લેખીકાનું પુસ્તક 'લપ્પન–છપ્પન' (પ્રકાશક : હર્ષ પ્રકાશન, 403 – ઓમ્ દર્શન એપાર્ટમેન્ટ, 7 – મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ – 380 007-

પ્રથમ આવૃત્તી – 2006, પાન : 152, મુલ્ય : રુપીયા – 60)માંથી પાન પાંચથી નવ પરથી સાભાર..

@ આ લેખ અગાઉ ‘શબ્દસૃષ્ટી’માંયે છપાયો હતો...

@ કલ્પનાબહેન સુરતના દૈનીક ‘ગુજરાતમીત્ર’ની શનીવારીય પુર્તી ‘સન્નારી’માં ‘જીન્દગી : તડકા મારકે’ નામક લોકપ્રીય કૉલમના વર્ષોથી નીયમીત કટાર–લેખીકા છે.

@ અને અમદાવાદ–વડોદરાથી પ્રકાશીત થતા ‘જનસત્તા–લોકસત્તા’ દૈનીકમાં તેમની કટાર નામે ‘લપ્પન–છપ્પન’ વર્ષોથી પ્રગટ થતી રહે છે.. ઉત્તમ ગજ્જર..

લેખીકા–સમ્પર્ક :

કલ્પના દેસાઈ, ‘ગુલમહોર’, ઉચ્છલ – 394 375, જીલ્લે–સુરત

ફોન – (02628) 231 123 E-Mail - kalpanadesai.in@gmail.com

♦●♦

‘સન્ડે ઈ-મહેફીલ’ - વર્ષ: સાતમું - અંક: 239 – March 11, 2012

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

**More than 1,26,50,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 11,20,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 2,37,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

@@@@@@@